Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૯૪ | ૬ જાન્યુઆરી, ૨૦૧૫, મંગળવાર ; પોષ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગાંધીનગર સોળે શણગારથી સજ્જ

ખુશ્બુ ગાંધીનગર કી... આંખો આંજી દે તેવો નઝારો રોશનીની ઝગમગાટથી નગર નિખર્યું

ગાંધીનગર, તા.૫

વાઈબ્રન્ટના ઓવારણા લેવા સજ્જ થયેલા નગરમાં નજર નાંખો ત્યાં નવા નઝરાણા જોવા મળી રહ્યા છે. નવદુલ્હનની માફક સોળે શણગારથી સજેલા શહેરમાં આ જાજરમાન લુક બે ઘડી આંખો આંજી દે તેવો દેખાઈ રહ્યો છે. ચકાચક રોડ નેટવર્કનીસાથે બ્યુટીફીકેશનના લીધે નગરની કાયાપલટ થઈ ગઈ છે. શિયાળાની શીત લહેરમાં દિવસે હીલ સ્ટેશન સમાન ભાસતા નગરમાં રોશનીની ઝાકમઝોળના લીધે રાત્રિની રોનક પણ નિખરી ઉઠે છે. નગરના માર્ગો સ્વર્ણિમ પાર્ક અને સરકારી બિલ્ડીંગો પણ કલરફુલ રોશની વખતે વાઈબ્રન્ટ લૂકમાં જોવા મળી રહ્યા છે. છેલ્લા દોઢ બે મહિનાથી નગરને દબાણ અને ગંદકી મુક્ત કરવા મથતા અધિકારીઓની મહેનત રંગ લાવી છે. નગરના પહોળા અને લીસા માર્ગો વચાળે ચકમકતી કેટઆઈના રીફલેક્ટર્સથી રોડ નેટવર્કનો સિનારીયો બદલાઈ ગયો છે. સ્વર્ણિમ પાર્કમાં પણ કલરફૂલ ફાઉન્ટેઈન, ફૂલો અને રોશનીની સજાવટે જમાવટ કરી છે. સેન્ટ્રલવર્જમાં દિવસ દરમિયાન નિખરતા ફૂલોની સાથે રાત્રિના રંગબેરંગી રોશનીનો જગમગાટ જોવા મળી રહ્યો છે. કલેકટર કચેરી, મંત્રી નિવાસ, રાજભવન, સરકીટ હાઉસ, વિશ્રામ ગૃહ, સ્ટાફ ટ્રેનિંગ કોલેજ સચિવાલય સહીતના બિલ્ડીગોને પણ રોશનીથી શણગારી દેવામાં આવ્યા છે. વાઈબ્રન્ટમાં ગાંધીનગરના મહેમાન બનનારા દેશ વિદેશના મહાનુભાવોના સ્વાગત માટે લાલ જાજમ બિછાવી દવાઈ છે. અતિથિ દેવો ભવની ભાવના સાથે સ્વચ્છ અને સુંદર લાગત નગરને દુલ્હનની જેમ સજાવી દેવાયું છે. નવા મેકઓવરથી જાજરમાન લાગતા નગરમાં વાઈબ્રન્ટ ફીવર ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

મહાત્મા મંદિરને ૧૫ પ્રકારના દસ હજારથી વધુ ફૂલોથી સજાવાશે

ગાંધીનગર, તા.૪

આગામી વાયબ્રન્ટ સમીટ ૨૦૧૫માં ડેલિગેટસ ને ગ્રીન સીટી ગાંધીનગરની અનુભૂતિ થાય તે માટે ૧૫થી પણ વધુ જાતોના ફૂલછોડની અવનવી ડિઝાઈનો સાથે મહાત્મા ગાંધી મંદિરમાં અનેરૂ આકર્ષણ ઉભું કરવામાં આવશે.

૧૦ હજારથી પણ વધુ કુંડા આ ફૂલછોડના માર્ગ મકાન વિભાગના ઉપવન વિભાગે તૈયાર કર્યા છે. છેલ્લા એક માસથી પણ વધુ સમયથી તેની માવજત કરી વિકસાવવામાં આવ્યા છે. આ ફૂલછોડના કુંડાઓને આમ તો ૨૦ થી ૨૫ના સમૂહમાં મુકાશે રોડ

(તસવીર : દિપક જાની)

● અનુસંધાન પાન-૭ પર

આજે નગરમાં મનપા દ્વારા ૪ સર્કલોનું લોકાર્પણ

મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાના હસ્તે સાડા નવ કલાકે કાર્યક્રમ : ખ-૬, ખ-૩, ગ-૨ અને ગ-૩ ના સર્કલોનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગરપાલિકાને સોંપવામાં આવેલ સાત સર્કલ પૈકી ૪ સર્કલોનું રિનોવેશન કાર્ય પૂર્ણ થતાં આજે મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાના હસ્તે તેનુ લોકાર્પણ કરવામાં આવશે.

મહાનગરપાલિકા દ્વારા ખ-૩, ખ-૬, ગ-૨ અને ગ-૩ના સર્કલોનું આજે લોકાર્પણ કરવામાં આવશે. એક માસ અગાઉ રાજ્ય સરકાર દ્વારા આ નગરના ૩૩ સર્કલો પૈકી ૭ સર્કલ બનાવવાની તેમજ તેની મરામત અને જાળવણીની સઘળી જવાબદારી મનપાને સુપ્રત કરાઈ હતી.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ખ-૬નું કરૂણા સર્કલમાં કોર્પોરેશન દ્વારા ગૌતમ બુદ્ધની પ્રતિમાનું સ્થાપન કરવામાં આવ્યું છે. તો ગ-૨ના સદ્‌ભાવ સર્કલમાં વિવેકાનંદની પ્રતિમાનું સ્થાપન કરવામાં આવ્યું છે.

સ્વચ્છ ભારત મિશન અભિયાનને લઈ જન જાગૃતિના

(તસવીર : દિપક જાની)

● અનુસંધાન પાન-૭ પર

ચ-૩ સર્કલમાં પણ ફુવારાની રોનક નિખરશે : અડધો કરોડનો ખર્ચ

સ્પોર્ટસ યુનિવર્સિટી વિવિધ રમતોના થીમ આધારિત સર્કલને વિકસાવશે

ગાંધીનગર, તા.૫

શહેરના સર્કલોને નવા થીમ આધારિત વિકસાવવામાં આવી રહ્યા છે. જેમાં મુખ્ય વિસ્તારમાં સ્થિત ચ-૩ સર્કલની કાયાપલટ થઈ જશે. આ સર્કલમાં ભવ્ય પાયલોન વચ્ચે ફૂવારા મુકવામાં આવશે જયારે આસપાસ વિવિધ રમતો સંબંધિત પ્રતિકૃતિઓ ઉભી કરવામાં આવશે.

શહેરના સર્કલોને નવા રૂપરંગ આપવાનું કામ ચાલી રહ્યું છે. સર્કલો વિકસાવવા વિવિધ સંસ્થાઓ ઉપરાંત કોર્પોરેશનને પણ જવાબદારી સોંપવામાં આવી છે. જેના અનુસંધાને કેટલાક સર્કલોનું રીનોવેશન તેમજ નવા થીમ આધારિત બ્યુટીફીકેશન કરવામાં આવી રહ્યું છે. જેમાં નગરના મુખ્ય વિસ્તારમાં સ્થિત ચ-૩ સર્કલનું નવીનીકરણ હાથ ધરવામાં આવ્યુ છે. ચ-૩ સર્કલને ભવ્ય બનાવવા સ્પોર્ટસ યુનિવર્સિટીને જવાબદારી સોંપવામાં આવી છે આ સર્કલને સ્પોર્ટસ બેઈઝ થીમ આધારિત વિકસાવવામાં આવી રહ્યું છે. વિશાળ સર્કલ વચાળે ભવ્ય પાયલોન

(તસવીર : ધનંજય જોષી)

● અનુસંધાન પાન-૭ પર

ફાયર અને મેડીકલ ટીમોની આજે સાંજે ખાસ મોકડ્રીલ યોજવામાં આવી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરમાં વાયબ્રન્ટ સમીટ ૨૦૧૫ના આયોજનને આખરી ઓપ આપવામાં વ્યસ્ત તંત્ર એ આજે સાંજના સુમારે ફાયર બ્રિગેડ અને મેડીકલની મોક ડ્રીલ યોજી આ બંને વિભાગોની સતર્કતા ચકાસી હતી.

હેલીપેડ ખાતે વાયબ્રન્ટ સમીટના પ્રદર્શનમાં આગ લાગી હોવાનું જણાવતા ત્રણ જ મિનિટમાં ફાયર બ્રિગેડની ટીમો ત્યાં પહોચી ગઈ હતી.

ફાયરની સેવાઓ અંગે આજે સાંજે શહેરી વિકાસ વિભાગના અધિક સચિવ સુશ્રી મોના ખંધાર તેમજ શ્રી દસ્તુર વચ્ચે વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી. ગાંધીનગર શહેરમાં વાયબ્રન્ટ માટે સાત જિલ્લાની ફાયર બ્રિગેડને સ્ટેન્ડ ટુ કરવામાં આવેલ છે. ફાયર સ્ટેશનમાંથી કમાન્ડ યુનિટ દ્વારા તમામ ફાયર બંદોબસ્તનું કન્ટ્રોલીંગ કરવામાં આવશે.

બીજી તરફ સાંજના સુમારે જ ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં અજાણી વ્યકિતનો ફોન આવ્યો હતો અને મહાત્મા મંદિરમાં કોઈ પડી જતાં દોડાદોડી થઈ છે અને તાત્કાલિક ટીમ મોકલો તેમ જણાવવામાં આવ્યું હતું ગણત્રીની મિનિટોમાં જ મેડીકલ ટીમો ત્યાં પહોંચી ગઈ હતી.

મહાત્મા મંદિરમાં હાલ મેડિકલની ત્રણ ટીમ કાર્યરત છે તેમજ ત્યાં વિશેષ પથારીઓની પણ સુવિધા ઉભી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત હેલીપેડ ખાતે પણ પાંચ પથારીની સુવિધા સાથે ખાસ વ્યવસ્થા આરોગ્ય તંત્ર દ્વારા ઉભી કરવામાં આવી રહી છે.

મહાત્મા મંદિર અને હેલિપેડ ખાતે ખાસ વ્યવસ્થાઓ ઉભી કરાઈ રહી છે જેથી કોઈ પણ પરિસ્થિતિને પહોંચવામાં તંત્રને તકલીફ પડે નહિ.

પૂ. મોરારી બાપુની શ્રીરામકથા

કિડની ઇન્સ્ટિટ્યૂટને આપેલું દાન

ઇન્કમટેક્ષની કલમ ૩૫ (૧) (૨) અન્વયે ૧૭૫% કરમુક્તિને પાત્ર છે.

નોકરિયાત દાતાઓ માટે ૧૦૦% કરમુક્તિ

કિડની દર્દીઓ પરત્વેની અપાર કરુણાથી પ્રેરાઈને **ડૉ. એચ.એલ.ત્રિવેદી**ના ઋષિકાર્યને સન્માનવા અને કિડની ઇન્સ્ટિટ્યુટને સહાયભૂત થવા **પૂ. મોરારી બાપુના પાવન કંઠે અમદાવાદ, સાબરમતી રિવરફ્રન્ટ પર તા.૨૪ જાન્યુઆરી - વસંત પંચમીથી ૧ ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધી શ્રીરામકથાનું આયોજન થયું છે**, ત્યારે આપનો યથાશક્તિ સહયોગ હજારો હજારો જરૂરિયાતમંદ કિડની દર્દીઓના જીવનમાં નવો પ્રાણ પૂરશે.

આપનો ચેક IKDRC KATHA ના નામે, કિડની હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ - ૩૮૦૦૧૬ ને મોકલવા વિનંતી. ચેક પાછળ PAN NUMBER અને આપનું એડ્રેસ લખશો.

'IKDRC KATHA', A/c No. - 584802010000999, Union Bank of India, Civil Hospital Campus Branch, Asarwa, Ahmedabad. IFSC : UBIN0558486

ડૉ. વિણા શાહ ▪ ડૉ. વિરેન ત્રિવેદી ▪ માધવ રામાનુજ ▪ સૌજન્ય : જોઇસર પરિવાર

સંપર્ક : (૦૭૯) ૨૨૬૮૭૦૦૦, ૨૨૬૮૭૦૪૪

www.ikdrc-its.org, Email : ikdrcad1@sancharnet.in

હાર્દિક અભિનંદન

માન. શ્રીમતી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

માન. શ્રી આર. સી. ફળદુ
પ્રદેશ પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય

શ્રી કુબેરભાઈ એમ. ડીંડોર
અધ્યક્ષ, ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ

શિક્ષણ સાંસ્કૃતિનું પ્રદાન કરે છે, તે લાગણીઓ અને બૌદ્ધિક દૃષ્ટિને પરમાર્જિત કરે છે અને રાષ્ટ્રીય એકતા સ્થાપવામાં મદદ કરે છે. આવા રાષ્ટ્રીય વિચારોને વરેલા અને સ્વસ્થ આત્મબળ તેમજ પરિશ્રમ કરીને સર્વજનોનો સહકાર મેળવી વિકાસને મહત્વ આપી પોતાના કાર્યોને સમાજમાં વહેંચવાના એક શુદ્ધ ઉદ્દેશથી રાજકીય કેડીને કંડારનાર પંચમહાલ / મહિસાગર જિલ્લાના યુવાન અને ઉત્સાહી એવા તલોદમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ફરજ બજાવતા પ્રોફેસર ડો. કુબેરભાઈ એમ. ડીંડોરને અમો સૌ ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ. તેમજ આ નિમણુંક માટે આપને યોગ્ય માનનાર માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ તથા પ્રદેશ પ્રમુખ શ્રી આર. સી. ફળદુ સાહેબનો અમો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ...

લિ. શુભેચ્છક

હિતેન્દ્રકુમાર સી. ઉપાધ્યાય — પ્રમુખશ્રી
દિનેશકુમાર શાંતુભાઈ પટેલ — માનદમંત્રીશ્રી
મહેશભાઈ પી. ઉપાધ્યાય — ઉપપ્રમુખ
અરવિંદભાઈ એમ.શાહ — ખજાનચી

શ્રી સી.ડી. પટેલ મહાવિદ્યા મંડળ, તલોદ
પ્રો. ડો. જે. સી. પટેલ-પ્રિન્સીપાલ તથા કોલેજ સ્ટાફ પરિવાર
શેઠ એચ. પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, તલોદ

AYURVEDA WORLD EXPO

વાઈબ્રન્ટ ગુજરાત આયુર્વેદ વર્લ્ડ એક્સપો-૨૦૧૫ માં

શ્રી શંકર આયુર્વેદીક ફાર્મસી
દ્વારા આયોજીત

બાળકો માટે ફ્રી શિબીર

સુવર્ણપ્રાશન
(આયુર્વેદ ઇમ્યુનાયજેશન)

શ્રી શંકર સુવર્ણ શક્તિ બિંદુ
બાળકને આપો સંપૂર્ણ સ્વાસ્થ્ય ની સુવર્ણ ભેટ



Stall No.: 4-A-36,37 (આયુર્વેદ)
બુધવાર ૭ જાન્યુઆરી ૨૦૧૫
બપોરે ૨.૦૦ થી સાંજે ૫.૩૦

એક્ઝીબીશન સેન્ટર, હેલીપેડ ગ્રાઉન્ડ, ટાઉન હૉલ પાસે, ગાંધીનગર

મોબાઈલ 09998020890, 09662599500